"વસ્તી ગણતરી પહેલાં NRC લાગુ કરો": માગ સાથે મણિપુરમાં 48 કલાકનું બંધ

પ્રદર્શનકર્તાઓને વિખેરવા માટે સુરક્ષા દળોએ આંસુ ગેસના શેલ છોડતાં ત્રણ સમર્થકોને ઈજા

ઈમ્ફાલ, તા. 18 (PTI) વસ્તીગણતરી પહેલાં એનઆરસી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે મણિપુરના પાંચ ખીણ જિલ્લાઓમાં 48 કલાકની હડતાળના પ્રથમ દિવસે ઠેર-ઠેર રસ્તાઓ જામ કરવામાં આવ્યા હતા. 'કેમ્પેઈન ફોર જસ્ટ એન્ડ ફેર ડિલિમિટેશન' (જેએફડી) દ્વારા એલાન કરેલી આ હડતાળ સોમવારે મધ્યરાત્રિથી શરૂ થઈ હતી.

વસ્તીગણતરી 2027નો સ્વ-ગણતરી તબક્કો 17 ઓગસ્ટથી શરૂ થયો છે. મકાન યાદી કામગીરી 1 સપ્ટેમ્બરથી 30 સપ્ટેમ્બર દરમિયાન યોજાવાની છે.

હડતાળને સફળ બનાવવા માટે ઈમ્ફાલ ઈસ્ટ, ઈમ્ફાલ વેસ્ટ, થૌબલ અને કાકચિંગ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં સમર્થકોએ વાંસના થાંભલા, નકામું ફર્નિચર, સળગતા ટાયરો અને પથ્થરોના મોટા શિલાખંડોનો ઉપયોગ કરીને રસ્તાઓ બંધ કરી દીધા હતા.

પીએમ કેયર્સ ફંડ રૂ. 8,452 કરોડને પાર: 93% રકમની એફડી

દાન જેટલું જ વ્યાજ! 2024-25માં મળેલા ઘરેલુ દાન જેટલી જ કમાણી વ્યાજથી (વર્ષે રૂ. 475 કરોડ) થઈ

હજારો કરોડના ભંડોળ સામે વર્ષ દરમિયાન માત્ર 87.85 લાખનો જ ખર્ચ થતાં સવાલો

નવી દિલ્હી, તા. 18: પીએમ કેયર્સ ફંનું સત્તાવાર ઓડિટ સ્ટેટમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. 31 માર્ચ 2025ના રોજ નાણાકીય વર્ષ પૂરું થયાના આશરે 16 મહિના બાદ, ઓગસ્ટ 2026ના પ્રથમ સપ્તાહમાં ઓડિટ કરીને ઓનલાઈન મૂકવામાં આવેલા આ રિપોર્ટ અનુસાર, ફંડની કુલ જમા રકમ વધીને રૂ. 8,452 કરોડ થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે ફંડની કુલ રકમમાંથી આશરે 93 ટકા રકમ એટલે કે રૂ. 7,846.65 કરોડ ફિક્સ ડિપોઝિટ (FD) તરીકે બેંકોમાં જમા રાખવામાં આવ્યા છે, જ્યારે બાકીના રૂ. 605.41 કરોડ સેવિંગ્સ ખાતાઓમાં જમા છે.

આ નાણાકીય વર્ષ દરમિયાન જમા થયેલી કુલ રકમ પર પીએમ કેયર્સ ફંડને ફિક્સ ડિપોઝિટ પર રૂ. 469.37 કરોડ અને સેવિંગ્સ એકાઉન્ટ પર રૂ. 5.77 કરોડ મળીને કુલ આશરે રૂ. 475 કરોડ વ્યાજ પેટે કમાણી થઈ છે જે તે વર્ષે મળેલા ઘરેલુ દાન જેટલી જ છે.

રિપોર્ટમાં એક બાબત એ પણ સામે આવી છે કે ડીઆરડીઓ (DRDO) અને એનએચએઆઈ (NHAI) જેવી અમલીકરણ એજન્સીઓ તરફથી રૂ. 324.66 કરોડનું રિફંડ (નાણાં પરત) પીએમ કેયર્સ ફંડમાં આવ્યું છે. આ રકમ અગાઉના વર્ષે મળેલી રૂ. 84.31 કરોડની રિફંડ રકમ કરતાં ચાર ગણી વધારે છે.

પીએમ કેયર્સ ફંડની પારદર્શિતા અને ખર્ચ સામે ઉઠેલા સવાલો

પારદર્શિતા માટે કામ કરતી એક્ટિવિસ્ટ અંજલિ ભારદ્વાજે ઉપલબ્ધ હજારો કરોડ રૂપિયાના ફંડમાંથી માત્ર ખૂબ જ ઓછો ખર્ચ કરવા સામે સવાલ ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે ડિઝાસ્ટર સમયે મદદ માટે બનેલું ફંડ ગુમતાના પડદા પાછળ રખાઈ રહ્યું છે. ઓડિટ સ્ટેટમેન્ટમાં રૂ. 324.66 કરોડ કઈ એજન્સીઓએ અને શા માટે પરત કર્યા, તેમજ શું આ રિફંડ કોઈ ખામીયુક્ત સાધનો સાથે જોડાયેલું છે તે અંગે કોઈ વિગતવાર નોંધ કે નોટ્સ વેબસાઈટ પર અપલોડ કરાઈ નથી. પીએમ કેયર્સ ફંડ શરૂ થયું ત્યારથી જ તેની પારદર્શિતા સામે સવાલો ઉઠી રહ્યા છે. તમિલનાડુના તત્કાલીન ડેપ્યુટી મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિને આક્ષેપ કર્યો હતો કે કોવિડ દરમિયાન આશરે રૂ. 30,000 કરોડ એકઠા કરાયા હતા પરંતુ તેના વપરાશમાં પારદર્શિતા નથી. આ સિવાય કોકરોચ જનતા પાર્ટી (CJP)એ પણ ફંડની તપાસ કરવાની માગ કરી છે.

ઈરાન સાથે મંત્રણાની હાલ કોઈ યોજના નથી: ટ્રમ્પ

હોર્મુઝમાં ઘટી ગયેલા ટ્રાફિક વચ્ચે આ જળમાર્ગ ખુલ્લો હોવાનો અમેરિકાનો દાવો

હોર્મુઝ પર ટ્રમ્પના દાવા અંગે ઇરાને કહ્યું કે અમે તેમનો ભ્રમ સુધારી દઇશું

હુથીઓએ સાઉદી રિફાઇનરી પર હુમલાનો દાવો કર્યો

હોર્મુઝમાં એક જહાજ પર પ્રોજેક્ટાઇલ પડ્યું, એકના મોતની શંકા

વોશિંગ્ટન, તા. ૧૮(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે યુ.એસ. ની ઈરાન સાથે કોઈ વાટાઘાટોનું આયોજન નથી, અને ઓછા ટ્રાફિક અને જળમાર્ગમાંથી બહાર નીકળી રહેલા એક જહાજ પર હુમલાના અહેવાલો છતાં તેમણે ભારપૂર્વક કહ્યું કે હોર્મુઝની સમુદ્રધૂની ખુલ્લી છે અને કાર્યરત છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં, ટ્રમ્પે ઓમાન પર પણ બોમ્બમારો કરવાની ધમકી આપી હતી કારણ કે તે દેશે આ સમુદ્રધૂનીમાંથી શિપિંગ ટ્રાફિકનું સંચાલન કરવા માટે ઈરાન સાથે કરાર કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમ ટ્રમ્પે આ ધમકી આપ્યાના એક દિવસ પછી મંગળવારે બે પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું. ઈરાનનું કહેવું છે કે જ્યાં સુધી અમેરિકા તેની શરતો પૂરી ન કરે ત્યાં સુધી જળમાર્ગ ફરી ખોલવામાં આવશે નહીં.

ઈરાન અને ઓમાન વચ્ચે વાટાઘાટો ચાલુ હોવાથી, સમુદ્રધૂનીમાં એક જહાજ પર પ્રોજેક્ટાઈલ અથડાયું હતું જેમાં એકના મોતની શંકા છે, જો કે હજી સ્પષ્ટ માહિતી મળી નથી. અને ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ દાવો કર્યો હતો કે તેમણે સાઉદી અરેબિયામાં ઓઇલ રિફાઇનરી પર ડ્રોન છોડ્યા હતા.

ઓમાન અને ઈરાને જણાવ્યું છે કે તેઓ હોર્મુઝની સમુદ્રધૂની ફરી ખોલવા માટેના કરારની નજીક પહોંચી રહ્યા છે, તે વચ્ચે ટ્રમ્પે મંગળવારે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ઈરાની બંદરો પર અમેરિકાની નાકાબંધી પૂર્ણ અમલમાં અને અસરકારક છે, અને દાવો કર્યો હતો કે પાણીમાં મુકેલી તમામ દરિયાઈ સુરંગો દૂર કરવામાં આવી છે.

અમેરિકામાં બે ભારતીયોની ICE દ્વારા અટકાયત

મૂળ દિલ્હીવાસી એવા એક જાઝ ગિટારવાદકની અટકાયત કરાઇ, કારણ સ્પષ્ટ નહીં

ગ્રીન કાર્ડ હોલ્ડર એવા એક વૃદ્ધાની અટકાયત કરાઇ, લાંબો સમય અમેરિકા બહાર રહ્યા બાદ પાછા ફરવાની જાણ કરી ન હતી

વેંકટા વાસમસેટ્ટી

હ્યુસ્ટન, તા. ૧૮(પીટીઆઈ): ટ્રમ્પ વહીવટીતંત્રની કડક હકાલપટ્ટી અને નિયમ અમલીકરણ ઝુંબેશ વચ્ચે અમેરિકામાં ઇમિગ્રેશનના અલગ-અલગ કેસમાં બે ભારતીય મૂળના વ્યક્તિઓ, જેમાંથી એક જાઝ ગિટારવાદક અને બીજા ગ્રીન-કાર્ડ ધારક દાદીમાની અટકાયત હેડલાઇન્સ બની છે.

નવી દિલ્હીમાં જન્મેલા જેઝ ગિટારવાદક અને શિક્ષક પ્રીતેશ વાલિયાની આ મહિનાની શરૂઆતમાં લોસ એન્જલસ પરત ફર્યા બાદ યુએસ ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ(ICE) દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને તેમને એડેલાન્ટો ICE પ્રોસેસિંગ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા, તેમ તેમના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મૂકવામાં આવેલા એક લેખિત નિવેદનમાં જણાવાયું છે. જો કે, તેમની પાસે કયા વિઝા હતા અને તેમની અટકાયત શા માટે કરવામાં આવી હતી તે તરત જ સ્પષ્ટ થઈ શક્યું નથી. તેઓ હાલ બોન્ડ પર મુક્ત થયા છે.

બીજો કેસ વેંકટા વાસમસેટ્ટીનો છે, જેઓ કાયમી નિવાસી છે અને ૨૦૧૩થી અમેરિકી ગ્રીન કાર્ડ ધરાવે છે. ૧૧ ઓગસ્ટે નોર્થ કેરોલિનામાં એક નિર્ધારિત ચેક-ઇન દરમિયાન ICE દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. અહેવાલમાં જણાવાયું છે કે વાસમસેટ્ટી ૨૭ વર્ષથી યુએસમાં રહે છે અને નોર્થ કેરોલિનામાં વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ સાથે કામ કરે છે.

તેઓ બે બાળકોના માતા અને બે પૌત્ર-પૌત્રીઓના દાદી છે, અને આ તમામ અમેરિકી નાગરિકો છે. અહેવાલ અનુસાર, વાસમસેટ્ટી ૨૦૨૨માં બીમાર માતા-પિતાની સંભાળ રાખવા માટે ભારત ગયા હતા અને કોવિડ-૧૯ સહિતની બીમારીને કારણે તેમનો રોકાણ લંબાયા બાદ ફેબ્રુઆરી ૨૦૨૩માં અમેરિકી પરત ફર્યા હતા.

યુએસ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ અનુસાર, ગ્રીન-કાર્ડ ધારકો સહિતના કાયમી નિવાસીઓ કે જેઓ દેશની બહાર ૧૮૦ દિવસથી વધુ સમય વિતાવે છે, તેમણે પાછા ફરતી વખતે પોતે અમેરિકાનો નિવાસ છોડી દીધો છે કે ચાલુ રાખ્યો છે ત જણાવવું પડે છે. હોમલેન્ડ સિક્યોરિટી વિભાગ સમક્ષ પુરાવા રજૂ કરવાની સમયમર્યાદા ચૂકી ગયા પછી, ઇમિગ્રેશન જજે ૧૯ મેના રોજ વાસમસેટ્ટી સામેનો દેશનિકાલનો કેસ રદ કર્યો હતો. તેમ છતાં, તેમણે નિર્ધારિત ICE ચેક-ઇન્સમાં હાજરી આપવાનું ચાલુ રાખ્યું હતું અને ૧૧ ઓગસ્ટે જ્યારે તેઓ એજન્સીની ચાર્લોટ ઓફિસે પહોંચ્યા ત્યારે તેમની અટકાયત કરવામાં આવી હતી.

ટ્રમ્પે ભારતની ચૂંટણી વ્યવસ્થાના વખાણ કર્યા: ઓળખપત્રનું ઉદાહરણ ટાંક્યું

પોતાના સેવ અમેરિકા એક્ટ માટે મજબૂત ભૂમિકા ઉભી કરવાનો પ્રયાસ

અમેરિકી ચૂંટણી સુધારા માટે ટ્રમ્પે ભારતને બનાવ્યું મોડલ

વોશિંગ્ટન, તા. 18(PTI): અમેરિકામાં વધુ કડક ચૂંટણી કાયદાઓ માટે મજબૂત પક્ષ રજૂ કરતા, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય ચૂંટણી પ્રણાલીના વખાણ કર્યા છે. તેમણે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમેરિકી ચૂંટણીમાં મતદાતા ઓળખકાર્ડના અભાવ અંગે ઉઠાવેલા સવાલને યાદ કર્યો હતો.

સોમવારે 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ભારતમાં તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં 64.6 કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો, તેમ છતાં એક ટકાથી પણ ઓછા લોકોએ પોસ્ટલ બેલેટ મારફતે વોટ આપ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે આ મહિનાની શરૂઆતમાં તેમના વહીવટીતંત્રના અધિકારીઓ સાથે વાત કરી હતી અને પૂછ્યું હતું કે, માન્ય ફોટો ઓળખકાર્ડ વગર અમેરિકામાં ચૂંટણીઓ કેવી રીતે યોજી શકાય છે?

ટ્રમ્પે લખ્યું, "આ મહિનાની શરૂઆતમાં, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમારા વહીવટીતંત્રને પૂછ્યું હતું - તમે માન્ય ફોટો આઈડી વગર અમેરિકામાં ચૂંટણીઓ કેવી રીતે કરાવી શકો? ભારતની છેલ્લી ચૂંટણીમાં 64.6 કરોડ મતદાતાઓ હતા! એક ટકાથી પણ ઓછા લોકોએ મેઈલ દ્વારા મત આપ્યો હતો અને દરેક મતદાતા પાસે માન્ય ફોટો ઓળખ દસ્તાવેજ હોવો ફરજિયાત હતો. ટ્રમ્પ ભારત ખાતેના અમેરિકી રાજદૂત સર્જિયો ગોર સાથેની ૧૨ ઓગસ્ટની બેઠકનો ઉલ્લેખ કરી રહ્યા હતા જેમાં બંને દેશો ચૂંટણી વ્યવસ્થા માટે અને ચૂંટણી કર્મચારીઓને તાલીમ માટે સહકાર ગાઢ કરવા સહમત થયા હતા.

મૃત્યુદંડની રીત બદલવાનો સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે મંગળવારે ફાંસીની સજા પામેલા કેદીને ફાંસી આપીને મૃત્યુદંડ આપવાની પ્રથાને નાબૂદ કરવા અને તેને સ્થાને ઝેરના ઈન્જેક્શન જેવી પદ્ધતિઓ અપનાવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે જણાવ્યું હતું કે, તેમની સમક્ષ રજૂ કરાયેલ સામગ્રી/પુરાવા એ સાબિત નથી કરતા કે મૃત્યુદંડની અમલવારી માટે ફાંસીની સરખામણીએ ઝેરી ઈન્જેક્શન આપવાની પદ્ધતિ વધુ યોગ્ય છે. બેન્ચે નોંધ્યું હતું કે, સીઆરપીસી (CrPC)ની કલમ ૩૫૪(૫)ની બંધારણીય માન્યતા અંગે પુનર્વિચાર કરવા માટે ત્રણ જજની બેન્ચના ૧૯૮૩ના નિર્ણયને મોટી બેન્ચ સમક્ષ મોકલવા માટે પૂરતા કારણો મળ્યા નથી.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદારો અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ કરેલ વધારા નું વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જીસ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૯૫૮૩૧૩૮૭	હોમ લોન	૧. ભરવાડ દાનાભાઈ નજાભાઈ ૨. ભરવાડ સોનલબેન દાનાભાઈ	૦૫ ઓગષ્ટ ૨૦૨૬	રૂ.૧૪,૦૪,૫૦૩.૭૩

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સાંઈ પૂજન રેસીડન્સી ના બિલ્ડીંગ નો નં. ઈ બીજા માળ નો ફ્લેટ નં. ઈ/૨૦૧ માપ ૪૩.૯૦ ચો.મી, જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત બ્લોક નં. ૧૮૫,૧૮૭,૧૮૯ પૈકી અને ૧૯૦ ટી.પી સ્કીમ નં ૭૦ (છાપરાભાઠા – ઉત્રાણ–અમરોલી–કોસાડ) ફાઈનલ પ્લોટ નં. ૨૪૮ મોજે ગામ ઉત્રાણ સુરત શહેર, જિલ્લા સુરત–ગુજરાત–૩૯૪૧૦૭ ખાતે આવેલ છે. **જેની ચર્તુસીમા : પૂર્વ તરફ :** અમરોલી–કોસાડ મેઈન રોડ,**પશ્ચિમ તરફ :**બ્લોક નંબર, **ઉત્તર તરફ :** બ્લોક નંબર **દક્ષિણ તરફ :**સાંઈ આશીષ સોસાયટી ની મિલકત આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૯.૦૮.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. બાબેન–બારડોલી.

કિસાન પરિવર્તન પેનલ

જાહેર આભાર

આપ સૌ સભાસદ ભાઈઓ તથા બહેનો, શુભેચ્છકો, સમર્થકોએ અમારા ઉપર મુકેલ વિશ્વાસ બદલ આપ સૌનો જાહેર આભાર માનું છું.

લિ.
મુકેશચંદ્ર નગીનભાઈ પટેલ

Muthoot Homefin
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ ટ્રુબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

કબ્જા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના રૂલ 8(1) સાથે વાંચતા એપેન્ડિક્સ IV મુજબ)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ. (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના રૂલ 3 સાથે વાંચતા સેક્શન 13(12) હેઠળ મળેલી સત્તાઓની રૂએ કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા(ઓ)/જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવી આપવા ડિમાન્ડ નોટિસ ઇશ્યૂ કરવામાં આવી હતી.ઉધારકર્તા રકમ પરત કરવામાં નિષ્ફળ રહયા હોવાથી ઉધારકર્તા(ઓ)/સહ-ઉધારકર્તા(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના રૂલ 8 સાથે વાંચતા સદર અધિનિયમની સેક્શન 13(4) હેઠળ તેમને મળેલી સત્તાઓની રૂએ નીચે વર્ણવ્યા મુજબની મિલકતનો કબ્જો લઈ લીધો છે.વિશેષ રૂપે ઉધારકર્તા અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈ પણ વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.ના તેના પરના વ્યાજ સહિતની દર્શાવેલ રકમના બોજાને આધીન રહેશે.
ઉધારકર્તાનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રોકડમાં રૂપાંતરિત કરવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની સેક્શન 13ની સબ-સેક્શન (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

અનુ. નં.	ઉધારકર્તા(ઓ)/ સહ-ઉધારકર્તા(ઓ)/લોન એકાઉન્ટ નં./શાખાનું નામ	સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત	ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.)	કબ્જો લીધાની તારીખ
1.	વિપિનકુમાર ભગીરથ/ રીનાદેવી વિપિનકુમાર/Null/043-04300185/ભરૂચ	બ્લોક નં. 122, 128, 123 પૈકી 1 થી 4, 296 અને 124 પૈકી પ્લોટ નં. U\1\B, સંજલી જીઆઈડીસી લેન્ડ લૂઝર્સ કો ઓપ હાઉસિંગ સોસાયટી લિ., પ્લોટ નં. 510 થી 514, રુદ્ર રેસિડેન્સી, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નં. F-10, બિલ્ટ એરિયા 19.78 ચો.મી. ખાતે આવેલી મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ, જિલ્લા ભરૂચ સબ-ડિસ્ટ્રિક્ટ અંકલેશ્વર મોજે સંજલી R.S.U. (વેચાણ કરાર મુજબ). સીમાઓ: ઉત્તરેઃ ખુલ્લી જમીન, પૂર્વેઃ સાથે આવેલો પેસેજ, દક્ષિણેઃ ફ્લેટ નં. F-9, પશ્ચિમેઃ સાથે આવેલો પેસેજ.	28-ફેબ્રુઆરી-2026/ રૂ. 2,55,477.1/- (રૂપિયા બે લાખ પંચાવન હજાર ચારસો સત્યોતેર અને દસ પૈસા માત્ર)	16/08/ 2026

તારીખઃ 19 ઓગસ્ટ, 2026
સ્થળઃ ભરૂચ
સહી/- અધિકૃત અધિકારી
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

શાહરૂખના ઘર મન્નતમાં બે સાપ દેખાયા, એક 8 ફૂટ લાંબો સાપ પકડાયો

મુંબઈ, તા. 18: શાહરૂખ ખાનના મુંબઈ સ્થિત પ્રખ્યાત બંગલા મન્નતમાં 17 ઓગસ્ટે લોનમાં બે સાપ દેખાયા હતા. સુરક્ષાના અગમચેતીના પગલે તુરંત રેસ્ક્યૂ ટીમ બોલાવવામાં આવી. ટીમે એક સાપ પકડી લીધો છે, જોકે બીજો સાપ હજી પણ બંગલામાં જ છે. રિપોર્ટ મુજબ, સોમવારે રાત્રે આશરે 8 વાગ્યે એક સ્નેક રેસ્ક્યૂઅરને મન્નતની અંદર બે સાપ દેખાયા હોવાની માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ બંગલામાં શોધખોળ શરૂ કરવામાં આવી, જેમાં એક સાપને સુરક્ષિત રીતે પકડી લેવામાં આવ્યો હતો. રેસ્ક્યૂ કરાયેલા સાપની લંબાઈ આશરે 8 ફૂટ હતી. તેની ઓળખ ધામણ તરીકે થઈ, રેસ્ક્યૂનો પ્રયાસ પૂરો સફળ રહ્યો નથી. પરિસરમાં લોકોની અવરજવર શરૂ થતાં બીજો સાપ ભાગી ગયો હતો. મોડી સાંજ સુધી તેની શોધખોળ ચાલુ રહી હતી, પરંતુ તે મળ્યો ન હતો.

કંગના રનૌત સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યાં

મુંબઈ, તા. ૧૮ : બોલિવૂડ એક્ટ્રેસ અને બીજેપી સાંસદ કંગના રનૌત મંગળવારે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યાં હતાં. તેમણે મંદિરમાં ભગવાન ગણેશનાં દર્શન કરીને પૂજા-અર્ચના કરી હતી અને ત્યાં થોડો સમય વિતાવ્યો હતો. મંદિર દર્શન દરમિયાન કંગના પીળી સાડીમાં નજરે પડ્યાં હતાં, જેના પર ગોલ્ડન બોર્ડર હતી. તેમણે આ સાથે મેચિંગ બ્લાઉઝ અને ઓરેન્જ-ગોલ્ડન દુપટ્ટો પહેર્યો હતો. લાલ બિંદી, સિમ્પલ જ્વેલરી અને મિનિમલ મેકઅપથી તેમણે પોતાનો લુક પૂરો કર્યો હતો. મંદિરમાં દર્શન કર્યાં પછી કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી. કંગનાએ પોતાની પોસ્ટ દ્વારા જણાવ્યું કે, તેમણે સિદ્ધિવિનાયક મંદિરની સાથે મુંબઈના માતા શ્રી મુંબા દેવી મંદિરનાં પણ દર્શન કર્યાં હતાં.

40 કરોડનો રોડ 'પાણી'માં

ઈન્દોરમાં પ્રેશર ટેસ્ટિંગમાં જ સ્માર્ટ સિટીનો રસ્તો ધસી પડ્યો

વાહન ચાલકોમાં ભાગદોડ, વીડિયો વાયરલ થયો

ઈન્દોર, તા. 18: મધ્ય પ્રદેશના ઈન્દોરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ રૂ. 40 કરોડના ખર્ચે બનેલો રોડ નવી વોટર પાઈપલાઈનના ટેસ્ટિંગ દરમિયાન ધસી પડ્યો હતો. 24 કલાક પાણી પુરવઠો આપવા માટે નાખવામાં આવેલી પાઈપલાઈનમાં હાઈ પ્રેશરથી પાણી છોડવામાં આવતા જ રોડનું સરફેસ તૂટી ગયું હતું અને રસ્તા પરથી પાણી વહેવા લાગ્યું હતું. આ ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં અચાનક રસ્તો તૂટતા વાહનચાલકો અને રાહદારીઓ ભાગતા નજરે પડે છે.

માત્ર પ્રેશર ટેસ્ટિંગ